જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૯/૧૨/૨૦૧૯  સોમવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**    **સમાચાર યાદી નં.૨૦૮૮/૧૯**

# ચોરીના ગુનાના આરોપીની કરેલ અટકાયતની વિગત

## ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન :

### ચેન સ્નેચીંગના આરોપીને ગુન્હાના કામે વાપરેલ મો.સા સાથે પકડી પાડતો ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનનો સર્વેલન્સ સ્કોડ

મે.પો.લીસ કમિ.શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિ.શ્રીની સુચના થી નાયબ પોલીસ કમિ.શ્રી ઝોન-3 સા.શ્રી તથા મદદનીશ પો.કમિશ્રી “ઇ” ડીવીજન સા.શ્રી નાઓ તરફથી મિલ્કત સબંધી તથા શરીર સબંધી ગુન્હાઓ બનતા અટાવવા તથા વણ શોધાયેલ ગુન્હાઓ શોધી કાઢવા અવાર-નવાર સુચનાઓ મળતી હોય જે બાબતે ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટર એન.એન.પરમાર સા.શ્રીના માર્ગદર્શન હેઠળ ગુન્હાઓ બનતા અટકાવવા સારૂ તેમજ અત્રેના પો.સ્ટે ખાતે દાખલ થયેલ ફ.ગુ.ર.ન-૧૩૧/૨૦૧૯ ઇ.પી.કો કલમ-૩૭૯(એ)(૩) મુજબનો ગુન્હો શોધી કાઢવા કરેલ હુક્મ અન્વયે સર્વેલન્સ સ્કોડના અ.હેડ.કોન્સ અમુલભાઇ પ્રેમજીભાઇ બ.નં.પ૨૯૯ તથા સ્ટાફના માણસો પો.સ્ટે વિસ્તારમા પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન અ.હેડ.કોન્સ અમુલભાઇ પ્રેમજીભાઇ બ.નં.પ૨૯૯ તથા અ.લો.ર. સુરેન્દ્રસિંહ અમૃતસિંહ  તથા અનિરુધ્ધસિંહ પ્રતાપસિંહ મળેલ બતામી હકિકત આધારે આરોપી નામે જોયેબખાન નાદીરખાન બલોચ ઉ.વ.૨૩ ધંધો.મજુરી રહેવાસી.પોપટીયાવાડ દાદામિયાંની ગલી દરીયાપુર અમદાવાદ શહેર નાને એક બજાજ કંપનીનુ પ્લસર બ્લ્યુ કલરની જેનો R.T.O નં. GJ-01-MS-92 ની જેની પ્લેટની નીચેના ભાગે અંગ્રેજીમા સફેદ રેડીયમથી S લખેલ વંચાય છે તેમજ પાછળના અંગેજી શબ્દો વંચાયેલ નહી જે મો.સા પર સદરી આરોપીએ તથા નવાજ ઉર્ફે ઝણીયાએ અમદાવાદ શહેર મા અલગ અલગ વિસ્તારમા ચેન સ્નેચીગ કરેલ હોય અને તા-૦૪/૧૨/૨૯૦૧૯ ના રોજ ગીતા મંદિર સર્કલ થી નવી ચાલી વચ્ચે ચેન તોડેલ હોય જે બાબતે અત્રેના પોલીસ સ્ટેશન ખાતે ફ.ગુ.ર.ન-૧૩૧/૨૦૧૯ ઇ.પી.કો કલમ-૩૭૯(એ)(૩) મુજબ દાખલ થયેલ જે ગુન્હાના કામે તા-૦૮/૧૨/૨૦૧૯ ના કલાક-૦૧/૦૦ વાગે અટક કરી કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે

- સદરી આરોપીએ થોડા દિવસ પહેલા નવા વાડજ બસ સ્ટેન્ડ પાસેથી ચેન તોડેલ હોય જે બાબતે વાડજ પો સ્ટે ખાતે ફ.ગુ.ર.ન-૨૨૨/૨૦૧૯ ઇ.પી.કો કલમ-૩૭૯(એ)(૩) મુજબ દાખલ થયેલ છે
- સદરી આરોપીએ થોડા દિવસ પહેલા એલીસબ્રીજ વિસ્તારમાથી સવારના સમયે ચેન તોડેલ છે
- ગુનાહીત ઇતિહાસ- સદરી આરોપી અગાઉ અલગ અલગ પો.સ્ટે ખાતે ચેન સ્નીચીંગના ગુન્હાઓમા પકડાયેલ છે તેમજ પાસા પણ કાપેલ છે



# દાણીલીમડા પોલીસ સ્ટેશનના એવીયેટર ચોરીનો ગુનો શોધી કાઢી મુદામાલ રીકવર કરી એક આરોપીને પકડી પાડતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સા.શ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પો.કમિ.શ્રી “જે” ડીવીજન સાહેબ નાઓ તરફથી મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તથા વણ શોધાયેલ મિલ્કત સંબંધી ગુનાઓ શોધી કાઢવા અવાર-નવાર સુચનાઓ મળતી હોય જે બાબતે પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.એમ.સોલંકી તથા કે.બી.સાંખલા ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓના સિધા માર્ગદર્શન અને સુચના મુજબ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડાનાઓ સર્વેલન્સ સ્કોડના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા તા ૦૮/૧૨/૨૦૧૯ ના કલાક ૧૧/૪૫ વાગે ઇસનપુર ટોરન્ટ પાવર આગળથી અ.હેડ.કોન્સ જાકીરખાન મહેબુબખાન તથા અ.પો.કો માનસંગભાઇ ગફલભાઇ તથા અ.પો.કો કુલદિપસિહ હરૂભા નાઓની સયુક્ત બાતમીથી આરોપી મોહમદઇન્ઝમામ યાસીનભાઇ રંગરેજ ઉ.વ ૨૧ રહે,બાગે મિરઝા સોસાયટી ઉસ્માની મસ્જીદની પાસે અમન પ્લાઝાની બાજુમા બીબી તળાવ ઇસનપુર અમદાવાદ શહેરનાને એક એવીયેટર ટુ-વ્હીલર નં જી.જે-૦૧-એન.પી-૧૦૫૯ જેનો એ.નં JF21E-8-1169050 તથા ચેચીસ નં ME4JF219LG8113775 કિંમત રૂપિયા 30,000/-ની મત્તા સાથે પકડી પાડી દાણીલીમડા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.ન. ૧૩૪/૧૯ ઇપીકો કલમ ૩૭૯ મુજબનો ગુનો શોધી કાઢેલ છે.



**ક્રાઇમબ્રાન્ચ :**

## **અમદાવાદ શહેર વિસ્તારમાં ૭૫ જેટલી રીક્ષાઓની ચોરી કરનાર ઈસમને ચોરીની ૧૧ રીક્ષાઓ સહિત ૦૭ લાખથી વધુની કિંમતના મુદ્દામાલ સાથે પકડી લેતી ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ શહેર**

અમદાવાદ શહેરમાં છેલ્લા કેટલાક સમયથી જાહેર હોસ્પીટલો, મંદીર- મસ્જીદ, તથા જાહેર સરકારી કચેરીઓની આજુબાજુમાં થ્રી-વ્હીલર વાહનચોરીના બનાવો વધી રહેલ હોય આ પ્રકારના ગુન્હાઓ શોધી કાઢવા સારુ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી આશિષ ભાટીયા સાહેબ તથા શ્રી અજયકુમાર તોમર સાહેબ, ખાસ પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઈમ બ્રાન્ચ નાઓની સુચના આધારે, શ્રી દીપન ભદ્રન, નાયબ પોલીસ કમિશ્નર, ક્રાઈમબ્રાન્ચ તથા શ્રી બી.વી.ગોહિલ મદદનીશ પોલીસ કમિશ્નર નાઓના માર્ગદર્શન હેઠળ અત્રેની શાખાના પો.ઈન્સ.શ્રી જે.એન.ચાવડા તથા પો.સ.ઈ.શ્રી એસ.પી.ગોહિલ તથા પો.સ.ઈ.શ્રી એ.પી.જેબલીયા તથા ટેકનીકલ પો.સ.ઈ.શ્રી એમ.ડી.મકવાણા તથા સ્ટાફના માણસો દ્વારા અમદાવાદ શહેર વિસ્તારમાં બનેલ વાહન ચોરીના ગુન્હાઓ વાળી જગ્યાની વીઝીટ કરવામાં આવેલ અને આવા બનાવોમાં ટેકનીકલ સર્વેલન્સનો ઉપયોગ કરી આવા ગુન્હાઓમાં સંડોવાયેલ ઇસમો બાબતે ઝીણવટપુર્વક તપાસ હાથ ધરવા તેમજ ખાસ અગ્રીમતા આપવા માટે શ્રી અજયકુમાર તોમર, ખાસ પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઇમ બ્રાન્ચ નાઓએ વિશેષ સુચના કરેલ હતી આ દરમ્યાન તા.૦૮/૧૨/૨૦૧૯ ના રોજ મળેલ ચોક્કસ બાતમી હકિકત આધારે જમાલપુર મુન્ડા દરવાજા ટેલીફોન એક્ષચેંજ ખાતેથી આરોપી **ઉમરભાઈ યુસુફભાઈ મેડીવાલા(છીપા) ઉવ.૪૨ રહે : મ.નં-૩૭૭૩, મોટાબંબા ચોક મ્યુનિસિપલ ઓફીસ સામે, છીપાવાડ જમાલપુર અમદાવાદ શહેર** નાનો તેના કબજાની એક સી.એન.જી. ઓટોરીક્ષા નંબર GJ-01-TD-1200 કી.રૂ. ૧,૦૦,૦૦૦/- ની તથા રીક્ષા ચાલુ કરવા માટેનુ એકસ્ટ્રા ઇગ્નીશીયન સાથેનુ સોકેટ-૧ સાથે મળી આવતા જે રીક્ષા તેણે ચોરી અગર છળકપટથી મેળવેલ હોવાની પાકી બાતમી હકીક્ત આધારે જે રૂ.૧,૦૦,૫૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરી આરોપીને સી.આર.પી.સી. ૪૧(૧)(ડી) મુજબ પકડી અટક કરવામાં આવેલ.

આરોપી પાસેથી મળી આવેલ રીક્ષા બાબતે તેની પુછપરછ કરતા તેની પાસેથી કબ્જે કરેલ રીક્ષા તેણે ગઇ તા.૦૧/૧૧/૨૦૧૯ ના રોજ જુહાપુરા ચાર રસ્તા અલફઝલ મસ્જીદની બહારના ભાગેથી બપોરના સમયે ચોરી કરેલ હોવાનુ અને આ રીક્ષા તેણે તેની પાસેથી મળી આવેલ એક્સ્ટ્રા ઇગ્નીશીયન સાથેના સોકેટ વડે ચાલુ કરી ચોરી કરી લઈ ગયેલ હોવાનુ જણાવતા જે અંગે તપાસ કરતાં આ રીક્ષા ચોરી બાબતે **વેજલપુર પો.સ્ટે. ખાતે ફ.ગુ.ર.નં.૨૦૩/૨૦૧૯ ઈ.પી.કો. કલમ ૩૭૯** મુજબનો ગુનો દાખલ થયેલ હોવાનુ જણાઈ આવતા જે બાબતે વેજલપુર પો.સ્ટે ખાતે જાણ કરવામાં આવેલ છે.

આરોપીની પુછપરછ દરમ્યાન તેણે છેલ્લા સાત માસ દરમ્યાન અમદાવાદ શહેરની અલગ-અલગ જગ્યાઓએથી ચોરી કરેલ રીક્ષાઓ કે જેમાંથી બેટરી તથા સી.એન.જી. કીટના વાલ્વ કાઢી લઇ બિનવારસી હાલતમાં મુકેલ હોવાનુ જણાવી આવી રીક્ષાઓ બતાવતા વધુ ૧૦ રીક્ષાઓ કિ.રૂ.૬,૦૦,૦૦૦/- ની તથા આવી રીક્ષાઓ માંથી કાઢેલ બેટરીઓ નંગ-૧૩ તથા સી.એન.જી. કીટના વાલ્વ નંગ-૦૭ તેણે અલગ-અલગ ભંગારના વેપારીઓને વેંચેલ હોવાની કબુલાત કરતા કી.રુ.૨૦,૦૦૦/- નો વધુ મુદ્દામાલ આવા વેપારીઓ પાસેથી કબ્જે કરવામાં આવેલ આમ તમામ મળી **કુલ્લે કિ.રૂ.૭,૨૦,૫૦૦/-**નો મુદ્દામાલ કબ્જે કરેલ છે.

આરોપીની પુછપરછ દરમ્યાન તેણે છેલ્લા સાતેક મહીનામાં અમદાવાદ શહેરમાં સીવીલ હોસ્પીટલ, શારદાબેન હોસ્પીટલ, સોલા સીવીલ હોસ્પીટલ, જી.સી.એસ હોસ્પીટલ, વાડીલાલ હોસ્પીટલ, નગરી હોસ્પીટલ એલીસબ્રીજ તથા એલ.જી.હોસ્પીટલ તથા મસ્જીદો તથા ઘી કાંટા મેટ્રો કોર્ટ તથા સેશન્સ કોર્ટ ભદ્ર ખાતેથી, તથા આર.ટી.ઓ ઓફીસ સુભાષ બ્રીજ તથા વસ્ત્રાલ તથા કલેકટર કચેરી સુભાષ બ્રીજ તથા લાલ દરવાજા અપના બજાર તથા લાંભા મંદિર વિસ્તારમાંથી **કુલ-૭૫ જેટલી રીક્ષાઓની ચોરીઓ** કરેલ હોવાનુ જણાવેલ જે રીક્ષાની ચોરીઓ કરવા માટે આરોપી મોટા ભાગે સવારના દસ થી બપોરના બે વાગ્યા સુધીનો સમય પસંદ કરતો હોવાનુ અને રીક્ષાની ચોરી કરવા માટે આરોપી પોતાની પાસે એક ઇગ્નીસીયન સોકેટ રાખતો જેનાથી રીક્ષા ચાવી વગર ચાલુ કરી લેતો. આ રીતે છેલ્લા સાતેક મહીનામાં આરોપીએ હાલ સુધીમાં ૭૫ જેટલી રીક્ષાઓની ચોરીઓ કરેલ છે. અને આવી રીક્ષાઓ ચોરી તેની બેટરી તથા વાલ્વ કાઢી લઈ બજારમાં વેચી દેતો હોવાનુ અને ચોરી કરેલ રીક્ષા ગમે ત્યા બિનવારસી મુકતો હોવાની આરોપીએ કબુલાત કરેલ છે.

આરોપી પાસેથી કબ્જે કરેલ રીક્ષાઓ તેમજ તેની કબુલાત આધારે તપાસ કરતાં રીક્ષાચોરી અંગેના નીચે મુજબના ગુનાઓ ડીટેકટ થવા પામેલ છે.

- કારંજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં- ૧૦ રીક્ષા ચોરી
- એલીસબ્રીજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં- ૦૭ રીક્ષા ચોરી
- મણીનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં- ૦૭ રીક્ષા ચોરી
- શહેર કોટડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં- ૦૬ રીક્ષા ચોરી
- સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં- ૦૬ રીક્ષા ચોરી
- શાહીબાગ પોલીસ સ્ટેશન વિસ્તારમાં- ૦૫ રીક્ષા ચોરી
- શાહપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં- ૦૫ રીક્ષા ચોરી
- રાણીપ પોલીસ સ્ટેશન વિસ્તારમાં- ૦૫ રીક્ષા ચોરી
- પાલડી પોલીસ સ્ટેશન વિસ્તારમાં- ૦૪ રીક્ષા ચોરી
- રામોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં- ૦૩ રીક્ષા ચોરી
- વાડજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં- ૦૩ રીક્ષા ચોરી
- નવરંગપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં- ૦૩ રીક્ષા ચોરી

- સેટેલાઇટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં- ૦૨ રીક્ષા ચોરી
- અસલાલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં- ૦૨ રીક્ષા ચોરી
- વેજલપુર-૦૧, ઇસનપુર-૦૧, દાણીલીમડા-૦૧, કાગડાપીઠ-૦૧, વસ્ત્રાપુર-૦૧, રખીયાલ-૦૧ તથા વટવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં- ૦૧ રીક્ષા ચોરી

એ રીતેની મળી કુલ્લે-૭૫ જેટલી રીક્ષાની ચોરીઓ કરેલ હોય, જે પૈકી દાખલ થયેલ ૪૭ ગુન્હાઓમાં આરોપીને જે-તે પો.સ્ટે. તરફ મોકલવા તજવીજ ચાલુ છે. તેમજ બાકીના બનાવોમાં ફરીયાદીશ્રીઓ મળી આવેલ ના હોય જેઓને  શોધવા અંગેની તપાસ તજવીજ હાલ ચાલુ છે.

પકડાયેલ આરોપીએ આ સિવાય બીજી વધુ કેટલી રીક્ષાઓની ચોરીઓ આચરેલ છે, તેમજ બીજી રીક્ષાઓ કોઇ જગ્યાએ છુપાવેલ છે કે કેમ? કોઇ ઇસમોને વેંચેલ છે કે કેમ ? તેમજ આ પ્રકારની ચોરીઓ કરવામાં તેની સાથે બિજા કોઈ ઈસમો સંડોવાયેલ છે કે કેમ? જે અંગેની આગળની તપાસ તજવીજ પો.ઇ.શ્રી જે.એન.ચાવડા તથા પો.સ.ઇ.શ્રી એ.પી.જેબલીયા તથા શ્રી એસ.પી.ગોહીલ નાઓ ચલાવી રહેલ છે.

## આરોપીનો ગુન્હાહીત ઈતિહાસ

આરોપી **ઉમરભાઈ યુસુફભાઈ મેડીવાલા(છીપા)** નાનો અગાઉ વર્ષ-૨૦૧૫ તથા ૨૦૧૭ દરમ્યાન ૧૦૦ થી વધુ રીક્ષા ચોરીઓના ગુન્હાઓમાં પકડાઇ ચુકેલ છે.  જે ગુન્હાઓમાં આરોપી  કુલ દોઢેક વર્ષ જેટલો સમય સાબરમતી સેન્ટ્રલ જેલમાં રહી ચુકેલ છે તેમજ વર્ષ-૨૦૧૬ માં પાસા હેઠળ જામનગર જેલમાં પાંચેક મહીના જેટલો સમય રહી ચુકેલ છે.



# નાસતા-ફરતા ઇસમની અટકાયત ની વિગત

## કારંજ પોલીસ સ્ટેશન :

## બે વર્ષ થી છેતરપિંડીના ગુનાના નાસતા-ફરતા આરોપીને પકડી પાડતી કારંજ પોલીસ

મે. નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૨ સાહેબ તથા એ.સી.પી શ્રી "સી" ડીવીઝન સાહેબ નાઓએ વિઝીટ દરમ્યાન નાસતા ફરતા આરોપીઓ પકડવા કરેલ સુચના આધારે સીનીયર પોલીસ ઇન્પેકટર શ્રી એફ.એમ. નાયબ સાહેબ તથા પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી એમ.એ. તળપદા સાહેબના માર્ગદર્શન હેઠળ મિલકત સબંધી ગુના આચરતા ઇસમો ઉપર વોચ રાખી મિલકત્ત સબંધી ગુના શોધવા કરેલ સુચના આધારે અમો પ્રો.પો.સ.ઇ. આર.આર.ગરચર તથા સર્વેલન્સ સ્કોડના હે.કો. બાબુભાઇ હોથાભાઇ બ.નં.૮૮૪૧ તથા પો.કો. દિનેશભાઇ ગલબાભાઇ બં.ન.૫૭૨૦ તથા પો.કો. પંકજભાઇ ચેલાભાઇ બ.નં.૪૬૭૭ તથા પો.કો. કલ્પેશભાઇ ભેમજીભાઇ બ.ન.૬૨૯૧ તથા પો.કો. પધ્યુમનસિંહ ઘનશ્યાનસિંહ બ.નં.૪૭૭૬ તથા પો.કો. ગોપાલભાઇ રમેશભાઇ બ.ન.૯૫૦૨ તથા લો.ર. દીનેશભાઇ હેમાજી બ.ન.૧૨૫૫૭ નાઓ અલગ અલગ ટીમ બનાવી નાસતા-ફરતા આરોપીઓ અંગે જુદી-જુદી જગ્યાએ તપાસ કરી કારંજ પો.સ્ટે. ફ.ગુ.ર.ન. ૩૭/૧૮ ઇ.પી.કો. કલમ ૪૬૫.૪૬૭.૪૬૮.૪૭૧ મુજબના ગુનાના આરોપી નામે સતીષ રસીકભાઇ બારધા ઉ.વ.૩૫ રહે, ૫૦ ભગવાન નગર સોસાયટી ઇસનપુર અમદાવાદ હાલ રહે- ગામ વેલન્જા રામ વાટીકા સોસાયટી વિભાગ -૨ મકાન નં ૩૧ સુરત મુળ વતન બી/૪ રાધા રમણ સોસાયટી એકતાનગર ની પાછળ ખલીલપુર રોડ જુનાગઢ જી-જુનાગઢ નાને સુરત મુકામેથી કામરેજ પોલીસ ની મદદ મેળવી આરોપી પકડી ગુનો ડીટેક્ટ કરી પ્રશંશનીય કામગીરી કરેલ છે.



નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.